ગાંધીનગર સમાચાર

## જિલ્લા પંચાયતનું પુરાંતવાળુ બજેટ મંજૂર

# ગુજરાતના ઘરેણાં જેવા સ્વરકાર નયનેશ જાનીનું પનઘટ દ્વારા જાજરમાન બહુમાન

**ગાંધીનગરના ટાઉનહોલમાં ગુજરાતી ગીત-સંગીતના દિગ્ગજોની ઉપસ્થિતિમાં ભવ્યાતિભવ્ય સન્માન સમારોહનું આયોજન : સુગમ સંગીતના જાણીતા ગાયકોની અભૂતપૂર્વ રજૂઆતઃ ગઝલ અને ગીતોની સીડીનું વિમોચન**





ગુજરાતના સુપ્રસિદ્ધ સ્વરકાર-ગાયક અને સંગીતકાર શ્રી નયનેશ જાનીની ષષ્ઠીપૂર્તિ પ્રસંગે ગાંધીનગરની પ્રતિષ્ઠિત કલા સંસ્થા પનઘટ કલાકેન્દ્ર દ્વારા તેમનું ભવ્યાતિભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું. ગાંધીનગર ટાઉન હૉલ ખાતે ગુજરાતી સુગમ સંગીતના દિગ્ગજ ગાયક શ્રી પુરુષોત્તમ ઉપાધ્યાય અને સંગીતકાર શ્રી ગૌરાંગ વ્યાસે પનઘટ કલાકેન્દ્ર અને સ્વર- શબ્દના સમગ્ર સાધકો વતી તેમનું સન્માન કર્યું હતું.

ગુજરાતી ગીત- સંગીતને 'એ આવી આસોની રઢિયાળી રાત મોરી માં...' જેવા અમર ગરબા અને 'ભીંતે ચિતરેલ રૂડા ગરવા ગણપતિ...' જેવી લોકપ્રિય રચનાઓ આપનાર ગુજરાતના ઘરેણાં જેવા સ્વરકાર શ્રી નયનેશ જાનીના સન્માન સમારોહ 'અનિમેષ નયનેશ- એની સુગંધનો દરિયો' પ્રસંગે સન્માનપત્ર પ્રદાન કરતા શ્રી પુરુષોત્તમભાઈ ઉપાધ્યાયએ શ્રી નયનેશ જાનીના સ્વરાંકનોની પ્રસંશા કરતા જણાવ્યું હતું કે, 'તેમના સ્વરમાં ગુજરાતી સંગીતનો મેળો છે, તેમનું સ્વરાંકના મોરપિચ્છની મુલાયમતા વગાડતી વેણું છે.' તેમણે શ્રી નયનેશ જાનીના પ્રદાનને ગુજરાતી ભાષાના ગૌરવ તરીકે બિરદાવ્યું હતું.

ગાંધીનગરના પનઘટ કલાકેન્દ્ર દ્વારા શ્રી નયનેશ જાનીના સન્માનને બિરદાવતાં ગાંધીનગર કલ્ચરલ ફોરમના અધ્યક્ષ શ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ જણાવ્યું હતું કે, 'ગુજરાતના સિધ્ધહસ્ત સ્વરકાર અને ગાંધીનગર જિલ્લાના કલોલના મૂળવતની શ્રી નયનેશભાઈ જાનીનું ગુજરાતી ગીત-સંગીતના શિરમોર મહાનુભાવોની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં જ સન્માન કરવાનો અવસર યોજાય એ ગાંધીનગર માટે પણ ગૌરવની ઘટના છે.' આ માટે તેમણે પનઘટ કલાકેન્દ્રના અધ્યક્ષ શ્રી ભાવિન પટેલ અને તેમના સાથીઓની સરાહના કરી હતી.

● અનુસંધાન પાન-૭ પર

# રાઈટ ટુ એજ્યુકેશન અન્વયે શાળામાં વિના મુલ્યે પ્રવેશ મેળવવા જિલ્લામાંથી ૩૬૦ ફોર્મ ભરાયા

**ગત વર્ષે ૩૦૦ વિદ્યાર્થીઓને ધો-૧ માં પ્રવેશ આપવામાં આવ્યો હતો**

ગાંધીનગર તા ૩૧

રાઈટ ટુ એજ્યુકેશન હેઠળ ૩૬૦ ફોર્મ ભરાયા છે. જયારે ગત વર્ષે આ યોજના હેઠળ ૩૦૦ જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં પ્રવેશ આપવામાં આવ્યો હતો. રાઈટ ટુ એજયુકેશનની યોજના અન્વયે ધો-૧માં પ્રવેશ આપવામાં આવે છે.જયારે ધો-૮ સુધી વિદ્યાર્થીની ફી તેમજ ટ્રાન્સપોર્ટેશન પણ વિના મુલ્યે ઉપલબ્ધ થાય તેવી વ્યવસ્થા કરવામાં આવે છે.

જરૂરિયાત મંદ વિદ્યાર્થીઓને પણ શિક્ષણ ક્ષેત્રે સમાન હક્ક મળે અને તેમની શૈક્ષણિક કારર્કીદી ઉજ્જવળ બને તેવા આશયથી શિક્ષણ વિભાગ દ્વારા રાઈટ ટુ એજયુકેશન યોજના અમલી બનાવાઈ છે. ગત વર્ષે પણ આ યોજના અન્વયે જિલ્લામાંથી ૩૦૦ વિદ્યાર્થીઓને નગરની જાણીતી સેલ્ફ ફાઈનાન્સ શાળાઓમાં ધોરણ-૧માં પ્રવેશ આપવામાં આવ્યા હતા. જયારે આ વર્ષે પણ રાઈટ ટુ એજયુકેશન હેઠળ વિવિધ શાળાઓમાં વિદ્યાર્થીઓને પ્રવેશ આપવા માટે ફોર્મ ભરવા માટેની પ્રક્રીયા હાથ ધરવામાં આવી હતી જે અંતર્ગત જિલ્લામાંથી ૩૬૦ જેટલા લાભાર્થીઓએ ફોર્મ ભર્યા છે. જયારે લાભાર્થીઓના ઉત્સાહને ધ્યાને લઈ શિક્ષણ તંત્ર દ્વારા વધુ વિદ્યાર્થીઓને પ્રવેશ આપી શકાય તે માટે શિક્ષણ વિભાગને પણ મોખિક રજુઆત કરવામાં આવી છે. જેના આધારે આ યોજના અન્વયે વધુ વિદ્યાર્થીઓને શાળામાં પ્રવેશ મળે તેવી શક્યતા છે. અલબત્ત તમામ લાભાર્થીઓને

● અનુસંધાન પાન-૭ પર

# અમુલ બ્રાન્ડના લોન્ચિંગ પુર્વે આજે ગ્રાહકોને દુધની થેલી ભેટ અપાશે

**મધુર દુધના અમુલ બ્રાન્ડીંગ પુર્વે ગ્રાહકોને આજે વિના મુલ્યે દુધની થેલીનુ વિતરણ કરાશે : બપોરે ૩ થી ૫ દરમિયાન સ્ટોકની ઉપલબ્ધિ મુજબ વહેલા તે પહેલાના ધોરણે ૧ લીટર દુધ આપવામાં આવશે**

ગાંધીનગર, ૧ એપ્રીલ

ગાંધીનગરમાં મધુરનુ દુધ અને છાશનુ હવે અમુલના બ્રાન્ડથી વેચાણ થશે. જયારે મધુર હવે અમુલ બ્રાન્ડ બનતા સાથે પશુપાલકો માટે પણ વિશેષ ભેટની જાહેરાત કરી દેવામાં આવી છે. ત્યારે અમુલના નામે લોન્ચિંગ પુર્વે આજે ગ્રાહકોને વહેલા તે પહેલાના ધોરણે ૧ લીટર દુધ વિના મુલ્યે આપવાની જાહેરાત પણ કરવામાં આવી છે. બપોરે ૩ થી ૫ કલાક દરમિયાન નિયત કેન્દ્રો પરથી દુધની થેલીનુ વિના મુલ્યે વિતરણ કરવામાં આવશે.અમુલની બ્રાન્ડનો ગ્રાહકોને મેસેજ આપવા ગ્રાહકો માટે અનોખી જાહરાત કરવામાં આવી છે. જેના પરિણામે આજે નગરજનોની સવારની નહી પણ બપોરની ચ્હાની ચુસ્કી વધુ મજેદાર બનશે.

ગાંધીનગર શહેર અને જિલ્લામાં તા ૨ એપ્રિલથી મધુર બ્રાન્ડથી વેચાણ થતા દુધ અને છાશ હવે અમુલના નામે વેચાણ થશે.મધુરનુ અમુલ બ્રાન્ડથી વેચાણ કરવાની જાહેરાત સાથે મધુર ડેરીના પશુપાલકો માટે પણ વિશેષ લાભ આપવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે નગરજનો પણ મધુરના દુધ છાશ હવે અમુલના નામે વેચાણ થવાની જાહેરાતથી પ્રોડક્ટ સંદર્ભે વધુ ઉત્સુક બન્યા છે. ત્યારે શહેરમાં વર્ષોથી મધુરની બ્રાન્ડના દુધની ચ્હાની ચુસ્કી લગાવી ગુડ મોર્નિંગ કરતા નગરજનો પણ હવે અમુલ બ્રાન્ડના નામે વેચાણ થતુ દુધ ખરીદશે. અમુલના બ્રાન્ડથી ૨ જી એપ્રિલથી દુધનુ વેચાણ શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે. ત્યારે આ નવા બ્રાન્ડીંગ પુર્વે નગરજનો માટે એક દિવસીય નવી યોજનાની જાહેરાત કરવામાં આવી છે. નવા બ્રાન્ડીંગ પુર્વે શુક્રવારે ગ્રાહકોને વિના મુલ્યે દુધની થેલીનુ વિતરણ કરવામાં આવશે.જો કે આ માટે વહેલા તે પહેલાના ધોરણે દુધની થેલીનુ વિતરણ કરાશે. સંબંધિત કેન્દ્રો પરથી બપોરના સમયે પ્રત્યેક ગ્રાહકને ૧ લીટર દુધ ભેટ સ્વરૂપે આપવામાં આવશે. જો કે દુધની થેલી બપોરે ૩ થી ૫ના સમયગાળા દરમિયાન જ આપવામાં આવશે. જેમાં ઉપલબ્ધ સ્ટોક મુજબ વહેલા તે પહેલાના ધોરણે ગ્રાહકોને આવરી લેવામાં આવશે.

# જિલ્લા પંચાયતનું પુરાંતવાળુ બજેટ મંજૂર

**બજેટમાં ૮૬૦ લાખની પુરાંત દર્શાવાઈ : નવી જોગવાઈઓથી સ્ત્રી સશક્તિકરણ, કન્યા કેળવણીને નવી દિશા મળશે : રામાજી ઠાકોર : સ્માર્ટ વિલેજ અને સ્વચ્છતા અભિયાન માટે જોગવાઈ નથી તે દુઃખદ : જયેશ ચૌધરી**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લા પંચાયતની સમાન્ય સભાએ આજે રૂ. ૮૬૦ લાખની પુરાંત ધરાવતુ વર્ષ ૨૦૧૬-૧૭નું બજેટ બહુમતિથી પસાર કર્યું છે.

પંચાયતના પ્રમુખશ્રી રામાજી ઠાકોરના અધ્યક્ષપદે મળેલ આજની સામાન્ય સભામાં શ્રી ઠાકોરે તેમનું પ્રથમ અંદાજપત્ર રજુ કર્યું હતું.

બજેટ રજુ કરતાં શ્રી ઠાકોરે જણાવ્યું હતું કે જિલ્લાની મર્યાદિત આવક સામે ખર્ચનું યોગ્ય આયોજન કરી આ અંદાજપત્ર રજુ કરવામાં આવ્યું છે. જેમાં પશુપાલન, કૃષિ, સ્ત્રી સશક્તિકરણ, કન્યા કેળવણી ઉપરાંત કર્મચારી કલ્યાણ સહિતના પાસાંઓને ધ્યાને રાખી વિકાસને સંતુલિત કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

તેમણે જણાવ્યુ હતુ કે જિલ્લામાં વ્યસનમુક્તિ માટે રૂ. બે લાખની વિશેષ જોગવાઈ કરવામાં આવી છે.

આ ઉપરાંત કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે જિલ્લા પંચાયતના સદસ્ય દીઠ રૂ. ૧૦હજાર લેખે બી.પી.એલ. લાભાર્થીને સહાય આપવાની નવિન યોજના દાખલ કરવામાં આવશે.

તેમણે સભ્યોને વિસ્તારના વિકાસ માટે અપાતી ગ્રાન્ટ રૂ. પાંચ લાખ કરવાના નિર્ણયની જાહેરાત સાથે કન્યા કેળવણીને પ્રોત્સાહિત કરવા માટે અનુ. જાતિ તથા બક્ષીપંચની ધો. ૫ થી ૭ની કન્યાઓ માટે નોટબુક વિતરણ માટે રૂ. ૧૦ લાખની નવીન જોગવાઈ કરાયાની જાહેરાત કરી હતી.

તેમણે વિધવા પશુપાલકને દૂધ ઉત્પાદનમાં પ્રોત્સાહન માટે રૂ. પાંચ લાખ તેમજ જિલ્લાની શ્રેષ્ઠ કાંકરેજ ગાય દૂધ ઉત્પાદક મંડળીના પ્રોત્સાહન માટે રૂ. પાંચ લાખની

● અનુસંધાન પાન-૭ પર

GEMI ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)
(ગુજરાત સરકારશ્રીની એક સ્વાયત્ત સંસ્થાન)
બ્લોક નં. ૧૩, ત્રીજો માળ, ડૉ. જીવરાજ મહેતા ભવન (જુના સચિવાલય),
સેક્ટર-૧૦બી, ગાંધીનગર - ૩૮૨૦૧૦, ફોનઃ(૯૧)૭૯-૨૩૨૪૦૯૬૪/૬૫,
E-mail: info@gemi-india.org, Website:www.gemi.guajrat.gov.in

જાહેરાત

ગુજરાત પર્યાવરણ પ્રબંધ સંસ્થાન (ગેમી)ની પ્રયોગશાળામાં અને ફિલ્ડમાં કામ કરતાં કર્મચારીઓના આરોગ્યની તપાસણી માટેની યોજના માટે પ્રતિષ્ઠિત/અનુભવી Dr./Drs./Hospitals / Clinics / Labs વગેરે પાસેથી ભાવપત્રકો મંગાવવામાં આવે છે. વધુ માહિતી માટે અમારી વેબસાઇટ www.gemi.gujarat.gov.in જોવા વિનંતી છે. ભાવપત્રકો સીલ બંધ કવરમાં તા.૧૮/૦૪/૨૦૧૬ સુધી જમા કરાવાના રહેશે.

તા.૦૧/૦૪/૨૦૧૬ ડૉ. સંજીવ ત્યાગી
સ્થળ: ગાંધીનગર We Provide Environmental Solutions નિયામક, ગેમી

NEW ERA ACADEMY BORU — WORK BEFORE SELF

NEW ERA ACADEMY
Affiliated to CBSE - English Medium School

Appication with the following qualification is requested to reach venue within ONE WEEK from the date of advertisement

B.Sc. / M.Sc., B.Ed., B.Com/M.Com, B.Ed., B.A. / M.A. B.Ed.
FRESHERS MAY APPLY

Transportation facility will be provided to applicant (if Selected) from Gandhinagar and Ahmedabad.

Time : 8:00 AM to 12:00 PM

Venue
Chinmay Pharmacy Campus,
Opposite Premnagar, Ghojariya Road,
Boru, Ta. Mansa
Mo. : 9723221849, 94263 47424
Email : neweraacademy.boru@gmail.com




# માર્ગ મકાન વિભાગ દ્વારા બીલો ન ચુકવાતા કોન્ટ્રાકટરો આગ બબુલા : સુત્રોચ્ચાર કર્યા

**વિભાગના સચિવે પણ સંતોષકારક જવાબ ન આપતા પાટનગર યોજના ભવનની કચેરી પાસે એકત્રિત થયેલા કોન્ટ્રાકટર એસોસિએશનના સભ્યોએ રોષ ઠાલવ્યો**



ગાંધીનગર તા ૩૧

પાટનગર યોજના ભવનમાં કોન્ટ્રાકટરોને માર્ચના અંતે પણ બીલોની ચુકવણી ન થતા કોન્ટ્રાકટરો લડાયક મુડમાં આવી ગયા છે. આ મામલે માર્ગ મકાન વિભાગના સચિવને રજુઆત કરવા છતા કોઈ સંતોષકારક પ્રતિઉત્તર મળ્યો ન હોવાનુ પણ કોન્ટ્રાકટર એસોસિએસને જણાંવ્યુ છે. ત્યારે આજે સાંજે કોન્ટ્રાકટર એસોસિએશનના સભ્યો દ્વારા પાટનગર યોજના ભવન પાસે સુત્રોચ્ચાર કરી વિરોધ કરવામાં આવ્યો હતો.

પાટનગર યોજના ભવનનો વહીવટ સદંતર ખાડે ગયો છે. ત્યારે વિવિધ ડિવિઝનલ કચેરીઓમાં પણ દિવસ દરમિયાન ખાલીપો જોવા મળે છે. આમ નાગરિકોની રજુઆતો સાંભળવા માટે જવાબદાર અધિકારીઓ હાજર ન રહેતા ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. ત્યારે અરજદારોની સાથે સેકટરોમાં મકાન મજબુતીકરણ સહીતના કામો સંભાળતા કોન્ટ્રાકટરોની હાલત પણ દયાજનક બની છે. છેલ્લા ત્રણ મહીનાથી કોન્ટ્રાકટરોને પૈસા ન ચુકવાયા હોવાનો આક્રોશ પ્રબળ

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...

SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
KisaN
ashirvad
BENELAVE
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
VINAYAK 500 TMT BARS - ISI

જગદીશ
સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

# જિલ્લાના ૯૩ ગામોમાં પાતાળકુવા બનાવવાની અરજીઓ મળી હતી

**૩૨ ગામોમાં પાતાળકુવા બની ગયા; ૨૬માં કામ પ્રગતિહેઠળ છે જ્યારે ૧૭ ગામોની અરજી હાલ નામંજૂર કરાઈ છે : ગણવેશ સહાય પેટે રૂ. ૩ કરોડ ૬૯ લાખ, ૩૨ હજાર, ચારસોની સહાય ચુકવાઈ છે**

ગાંધીનગર, તા. ૩૧

ગાંધીનગર જિલ્લામાં આઈ.ટી.આઈ. ખોલવાની મંજૂરીને લઈ કોંગીના શ્રી અમીત ચૌધરીએ પુછેલા એક લેખિત પ્રશ્નના ઉત્તરમાં શ્રમમંત્રીશ્રીએ જણાવ્યું છે કે ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ જિલ્લામાં એક પણ નવી આઈ.ટી.આઈ. ખોલવાની મંજૂરી આપવામાં આવી નથી.

જિલ્લામાં હાલ ૮ આઈ.ટી.આઈ. કાર્યરત હોવાનું જણાવતાં મંત્રીશ્રીએ જણાવ્યુ છે કે આ ૮ પૈકીની એક આઈ.ટી.આઈ. (સરકારી) જે ભાડાના મકાનમાં કાર્યરત છે.



**વિધાનસભામાં ગાંધીનગર**
**- પ્રકાશ જહા**

**● મહિલા તાલિમાર્થીને સાયકલ**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે વિદ્યાસાધના યોજના અંતર્ગત ૨૦૧૪-૧૫માં જિલ્લાની કેટલી મહિલા તાલિમાર્થીઓનએ સાયકલની ભેટ અપાઈ તેવા પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં શ્રમ મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૩૩ મહિલા તાલિમાર્થીઓને આ ભેટ અપાઈ છે.

મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૧ મહિલા તાલિમાર્થીને ભેટ આપવાની બાકી છે.

**● જિલ્લામાં પાતાળ કૂવા**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોરે ગાંધીનગર જિલ્લામાં ૩૧-૧-૧૬ની સ્થિતિએ જિલ્લામાં બનાવાયેલ પાતાળકૂવાઓ અંગે પુછેલા પ્રશ્નના ઉત્તરમાં મંત્રીશ્રી પાણી-પુરવઠાએ જણાવ્યુ છે કે નવિન પાતાળકૂવા બનાવવા માટે કુલ ૯૩ અરજીઓ મળી હતી.

આ માંગણીઓ પૈકી ૩૨ પાતાળકૂવા બનાવવામાં આવેલ છે. જેમાં ગાંધીનગર તાલુકામાં ૧૧, કલોલમાં ૬, માણસામાં ૯ અને દહેગામમાં ૬ પાતાળકૂવાનું કામ પૂર્ણ થયેલ છે.

તેમણે જણાવ્યુ છએ કે ૧૭ ગામોમાં પીવાના પાણીની સગવડ હોવાને કારણે માંગણીઓનો અસ્વીકાર કરવામાં આવ્યો છે. જ્યારે ૪૪ માંગણીઓ પૈકી ૨૬ કામો હાલ પ્રગતિ હેઠળ છે. અને બાકી રહેતા ૧૮ કામો જરૂરિયાત મુજબ વહેલી તકે પૂર્ણ કરવામાં આવશે.

જે ૧૮ ગામો બાકી છે તેમાં દહેગામના ૧૨, ગાંધીનગરના ૨, માણસાના ૩ અને કલોલના ૧ ગામનો સમાવેશ થાય છે. જે ૧૭ ગામોની માંગણી રદ કરવામાં આવી છે તેમાં ગાંધીનગરના ૨ કલોલના ૮, દહેગામના ૪ અને માણસાના ૩ ગામનો સમાવેશ થાય છે. જિલ્લાના ૨૬ ગામોમાં કામ હાલ પ્રગતિ હેઠળ છે. તેમાં દહેગામના ૧૦, ગાંધીનગરના ૭, માણસાના ૫ અને કલોલના ૪ ગામનો સમાવેશ થાય છે.

**● ગણવેશ સહાય**

ભાજપના શ્રી અશોક પટેલે જિલ્લાની વિકસતી જાતિના બાળકોને અપાયેલ ગણવેશ સહાય અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે ૨૦૧૫-૧૬માં જિલ્લાના ૧,૨૩,૧૦૮ બાળકોએ આ અંગે અરજી કરી હતી.

આ બાળકોની અરજી મંજૂર કરી રાજ્ય સરકારે રૂ. ૩ કરોડ ૬૯ લાખ, ૩૨ હજાર, ચારસોની સહાય ચુકી આપવામાં આવી હોવાનું મંત્રીશ્રીએ સભ્યશ્રીના પૂરક પ્રશ્નના ઉત્તરમાં જણાવ્યુ છે.

**● વૃદ્ધોને પેન્શન**

ભાજપના શ્રી શંભુજી ઠાકોરે જિલ્લામાં ૩૧-૧૨-૧૫ની સ્થિતિએ ઈન્દિરા ગાંધી વૃદ્ધ પેન્શન યોજનાને લઈ પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીએ જણાવ્યુ હતુ કે જિલ્લામાંથી કુલ ૫૭૫ અરજીઓ આ યોજના અંતર્ગત મળી હતી. જેમાંથી ૪૧૧ અરજીઓ મંજૂર કરવામાં આવી છે અને ૧૬૪ અરજીઓ નામંજૂર કરવામાં આવી છે.

ગાંધધીનગરમાંથી ૭૯ અરજી મળી હતી જેમાંથી ૫૮ અરજી, કલોલમાંથી ૧૮૦ અરજી મળી હતી. ૧૬૩ અરજી, માણસામાંથઈ ૮૨ અરજી મળી હતી. જેમાંથી ૬૪ અરજી અને દહેગામમાંથી ૨૩૪ અરજી મળી હતી. ૧૨૬ અરજી મંજૂર કરવામાં આવી હતી.

**● વિકસતી જાતિના છાત્રાલયો**

કોંગીના શ્રી બળદેવજી ઠાકોર જિલ્લામાં વિકસતી જાતિના છાત્રાલયો અંગે પુછેલા એક પ્રશ્નના ઉત્તરમાં સામાજિક ન્યાય અધિકારિતા મંત્રીશ્રીએ

● અનુસંધાન પાન-૭ પર

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com